

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

હરસોલ-સુલતાનપુર માર્ગ બિસ્માર બનતા પ્રજામાં રોષ

તલોદ તાલુકામાં સ્થિત હરસોલ-સુલતાનપુર વચ્ચેનો ત્રણ માસ અગાઉ બનાવવામાં આવેલ માર્ગ ચોમાસાના પ્રથમ વરસાદે જ ઠેર ઠેર તુટી જતા નાગરિકો ભારે પરેશાન થઈ રહ્યા છે અને બાંધકામ વિભાગની સામે ઉગ્ર રોષ વ્યક્ત કરી તુરંત તુટેલો માર્ગ બનાવવા માંગણી કરી છે. તલોદ તાલુકામાં આવેલા અનેક ગ્રામ્ય વિસ્તારોમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગ દ્વારા નાગરિકોની સુવિધા માટે પાકા ડામરના માર્ગો બનાવવામાં આવ્યા હતા. પરંતુ ઈજનેરો અને કોન્ટ્રાક્ટરોની સાંઠગાઠના કારણે ઠેર ઠેર ડામરનો મજબુત માર્ગ પહેલા વરસાદમાં જ બિસ્માર બની ગયો છે તેવી વ્યાપક ફરિયાદ નાગરિકો કરી રહ્યા છે. આ રોડના કામમાં હલકી ગુણવત્તાની વસ્તુઓ વાપરવામાં આવી છે અને માત્ર કાગળો પર કાર્યવાહી કરી રહ્યા હોવાનો પણ આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે અને આ મામલે યોગ્ય કાર્યવાહી કરી તુટેલો માર્ગ ફરી રીપેરીંગ કરવામાં આવે તેવી ઉગ્ર માગણી કરી રહ્યા છે.

દાંતીવાડા તાલુકાની પ્રાથમિક શાળાઓનો બાળ રમતોત્સવ યોજાયો

દાંતીવાડા, તા. ૭

દાંતીવાડા તાલુકાના નાની ભાખર ગામની પ્રાથમિક શાળામાં

તાલુકાની શાળાઓનો રમતોત્સવ યોજાયો હતો જ્યાં દરેક શાળાઓના શિક્ષકો પોતપોતાની શાળાના રમતવીરોને લઈને હાજર રહ્યા હતા. તાલુકાના અને ગામના અગ્રણીઓએ હાજરી આપી બાળકોને રમતોમાં ઉત્તરોત્તર પ્રગતી કરવાની પ્રેરણાઓ આપી રમતોત્સવને લીલી ઝંડી આપી હતી.

મળતી માહિતી અનુસાર ગઈકાલે નાની ભાખર ગામે ઈસ્માની માતાજીના મંદિરની નીચે આવેલી મોઢરૂગઢ પ્રાથમિક શાળામાં તાલુકાની પ્રાથમિક શાળાઓનો રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. જ્યાં તાલુકા અગ્રણી ઈશ્વરસિંહ સોલંકી, કરસનભાઈ પોત્રોડ, નટુભાઈ ચૌધરી, બાબુભાઈ મોદી, પ્રવીણભાઈ જોષી, હેમરાજભાઈ ગોહિલ, કેની ભરતભાઈ ચૌધરી, બી આર સી અશોકભાઈ પ્રજાપતિ અને અરૂણ પટેલ તેમજ જવાબદાર શિક્ષકો હાજર રહ્યા હતા, સ્ટેજની સામે ૨-૧-૦૧૩ ગાંધીનગરમાં યોજાયેલ થર્ડ વર્લ્ડ યોગાસન ચેમ્પિયનમાં ગોલ્ડમેડલ મેળવનાર ધ્રુવ, સલીન, આસ્થા નાની ઉંમરના ત્રણ બાળકો યોગાસન કરી લોકોને આશ્ચર્ય કરી દીધા હતા અને કે.ડી. ચૌધરી સંસ્કાર વિદ્યાલય-પાંથાવાડા અને ગોસ્વામી સમાજનું ગૌરવ વધાર્યું હતું. બાળકોના યોગાસનોને જોઈને તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકીએ પ્રવચન આપતા સૌ પ્રથમ બાળકો ટ્રેન કરનાર શિક્ષકને અભિનંદન પાઠવ્યા હતા અને તાલુકાની બીજી શાળાઓના વિદ્યાર્થીઓ પણ પોતાનામાં પડેલી શક્તિઓનો ઉપયોગ કરી તાલુકાનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. ત્યાર બાદ પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ કરશનભાઈ પોત્રોડે રમતો વિશેની વાત કરતા જણાવ્યું હતું કે રમતમાં એકની જીત બીજાની હાર નિશ્ચિત છે પણ હારવા છતાં મેદાન ન છોડે તે ખરો ખેલાડી કહેવાય આમ તેઓ દ્વારા હારેલા અને જીતેલા બંને ખેલાડીઓને ઉત્સાહ આપ્યો હતો, અને ત્યારબાદ વિદ્યાર્થીઓને રમતો માટે લીલી ઝંડી આપી હતી જ્યાં ખોખો, કબડ્ડી, દોડ, લાંબો કુદકો અને ઉંચા કુદકા જેવી રમતો સરૂ કરવામાં આવી હતી. રમતમાં વિજેતા થનાર વિદ્યાર્થીને તાલુકા પ્રાથમિક શિક્ષક ધિરાણ અને ગ્રાહક શરાફી સહકારી મંડળીના ચેરમેન અરૂણકુમાર પટેલ દ્વારા શિલ્ડ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

ભિલોડા મામલતદાર કચેરી અને ડીઝાસ્ટર મેનેજમેન્ટના વહીવટી અધિકારીઓ ધ્વારા મોકડ્રીલનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૭

ભિલોડા તાલુકા અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે આવેલા વાઘેશ્વરી ગામના સુપ્રસિધ્ધ કોટ હનુમાનજી મંદીર પાસે ડુંગરોમાંથી વહેતા થયેલા ઝરણામાં બે યુવકો ડુબી ગયા હોવાના સમાચાર ભિલોડા મામલતદાર કચેરીના ડીઝાસ્ટર વિભાગના અધિકારીઓને મેસેજ મળતાં વહીવટી તંત્રના અધિકારીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી પરંતુ ભિલોડા ડીઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા બાદ ખબર પડી કે મોકડ્રીલનો કાર્યક્રમ હતો ત્યારે વહીવટી તંત્રના અધિકારીઓએ રાહતનો દમ લીધો હતો.મોકડ્રીલના કાર્યક્રમને સફળ બનાવવા ભિલોડા મામલતદાર એ.કે.જોષી, ભિલોડા નાયબ મામલતદાર મહેસુલ વિભાગ આર.વી.વણકર, ભિલોડા નાયબ મામલતદાર ડીઝાસ્ટર વિભાગ એન.એ.ખરાડી સહિત વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહી મોકડ્રીલના કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. મામલતદાર એ. કે. જોષીએ વહીવટી તંત્રના અધિકારીઓને જણાવ્યું કે વરસાદી માહોલમાં આપત્તીના સમયે તાબડતોબ પહોંચી પ્રજાજનોને મદદરૂપ થવા અંગે ચર્ચા કરી હતી.

સિદ્ધપુરમાં સ્તનપાન સપ્તાહ ઉજવાયું

સિદ્ધપુર, તા. ૬

રોટરી ક્લબ સિદ્ધપુર અને ઈનર વ્હીલ ક્લબના સંયુક્ત ઉપક્રમે સ્તનપાન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન પબ્લિ ચિલ્ડ્રન હોસ્પિટલમાં સેમિનાર યોજાયો હતો. જેમાં બાળરોગ નિષ્ણાત ડૉ. જયેશ સુથાર, સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. ચિરાગ શાહે સ્તનપાનનો સમય, સ્તનપાનના ફાયદા, સ્તનપાન આપવાની પદ્ધતિ, પુરક ખોરાક, માતા કે બાળક માંદુ હોય ત્યારે, નવજાત શિશુની સંભાળ તેમજ સામાન્ય પ્રશ્નો અંગે માતાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન આપ્યું હતું.

તલોદના ગ્રામ્ય વિસ્તારોમાં ડેન્ગ્યુના ચાર કેસ નોંધાયા

હરસોલ, તા. ૭

ચોમાસાની ઋતુમાં કાળો કહેર વર્તાવતા ડેન્ગ્યુના રોગચાળાએ સમગ્ર તલોદ તાલુકામાં માથુ ઉંચકતા પ્રજામાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે.

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસાની ઋતુમાં વાદળછાયા વાતાવણ અને ઠેર ઠેર ભરાયેલા ગંદા વરસાદી પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ થવા પામ્યો છે. અનેક ઠેકાણે વરસાદી પાણીના ખાબોચીયા ભરાતા અને તેનો યોગ્ય નિકાલ ન થતા આ ખાબોચીયામાં મચ્છરોએ પોતાનો નિવાસ બનાવ્યું છે. રહેણાંક વિસ્તારમાં વધુ પડતા મચ્છરોના ઉપદ્રવને લઈ સરકારી અને ખાનગી દવાખાનાઓમાં પણ તાવના દર્દીઓનો વધારો થવા પામ્યો છે. જ્યારે છેલ્લા ઘણા દિવસ દરમિયાન ડેન્ગ્યુના રોગચાળાએ માથુ ઉંચક્યુ હતુ. પરિણામે ડેન્ગ્યુના કેસ પણ નોંધાયા છે. આથી લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પાટણ એલ.સી.બી. પોલીસે ૧.૩૦ લાખનો દારૂનો જથ્થો પકડયો

પોલીસે રહેણાંક મકાનમાં દરોડો પાડી મુદ્દામાલ સહિત એકની અટકાયત કરી

પાટણ, તા.૭

પાટણ જિલ્લાના હારિજ ખાતે સ્થિત અડીયા ગામે રહેણાંક મકાનમાં બાતમીના આધારે પાટણ એલ.સી.બી. ટીમે દરોડો પાડી કુલ ૧.૩૦ લાખથી વધુના દારૂના જથ્થા સાથે એક શખ્સની અટકાયત કરી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાટણ જિલ્લાના હારિજ તાલુકા સ્થિત અડીયા ગામે ઉદાજી શંકરજી ઠાકોરના રહેણાંક મકાનમાં મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો છૂપાવવામાં આવ્યો હોવાની ખાનગી રાહે મળેલી બાતમીના આધારે પાટણ એલ.સી.બી. પોલીસના પી.આઈ. ડી.ડી. ચૌધરીએ સ્ટાફના માણસોને સાથે રાખી બાતમી સ્થળે દરોડો પાડયો હતો અને ૧૦૬૮ વિદેશી દારૂની બોટલો તથા ૪૮૦ બીયરના ટીન મળી કુલ ૧૫૪૮ નંગ બોટલો સહિત ૪૩ પેટી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો અને કુલ રૂ. ૧,૩૦,૮૦૦ના મુદ્દામાલ સાથે ઉદાજી શંકજી ઠાકોરની અટકાયત કરી હતી અને તેના વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

તલોદ પાલિકા દ્વારા રસ્તા રીપેરીંગ અને સફાઈ કામગીરી આરંભાઈ

તલોદ, તા. ૭

તલોદમાં છેલ્લા એક માસથી વરસતા વરસાદે વિરામ લેતા પાલિકા દ્વારા તમામ માર્ગોનું રીપેરીંગ કામ સાથે સફાઈ હાથ ધરવામાં આવી છે. વરસાદમાં ધોવાયેલા માર્ગો ઉબડ-ખાબડ બનતા હવે તંત્ર દ્વારા કાળી કપચી પાથરી લેવલિંગ કરી મહોલ્લાઓ, સોસાયટીઓ અને ગીચ વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા એક માસથી વરસાદના હળવા ભારે ઝાપટા વરસતા મુખ્ય માર્ગો સહિત મહોલ્લાઓ, સોસાયટીઓ અને આંતરીક માર્ગોનું ધોવાણ થયું છે. સતત વરસતા વરસાદી પાણીના લીધે માર્ગો પર મોટા ભુવા પડી જતા વાહનચાલકોએ પારાવાર પરેશાની વેઠવી પડે છે. જ્યારે છેલ્લા ત્રણ દિવસથી વરસાદે વિરામ લેતા વરાપ નિકળ્યો છે. આ દરમિયાન તલોદ પાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ પટેલે પાલિકાની ટીમ સાથે તમામ રસ્તાઓનું નિરીક્ષણ સર્વે કરવામાં આવી રહ્યું છે. અને યુદ્ધના ધોરણે ઉબડ-ખાબડ ભુવાઓ પડી ગયેલા મુખ્ય માર્ગો પર કાળી કપચી પાથરી લેવલિંગ કરવામાં આવી રહ્યું છે અને દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

આત્મન ફાઉન્ડેશન દ્વારા વિકલાંગ બાળકોને સહાય અપાઈ

મહેસાણા, તા. ૭

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ દ્વારા વિસનગર ખાતે વિકલાંગ બાળકોને ચંપલ અને ધાબળાનું વિતરણ આત્મન ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં નાયબ માહિતી નિયામકશ્રી પ્રજ્ઞાબેન પટેલ, પુર્વ કલેક્ટરશ્રી એચ.બી. વરીયા, આત્મ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી સહિત સંઘના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

સિનિયર સિટીઝન્સ કલબ, તલોદના મિત્રો અમરનાથ યાત્રા પ્રવાસેથી પરત

તલોદ, તા.૭

સિ.સિ. કલબ તલોદના સાહસિક મિત્રોએ કેદારનાથના જલપ્રલયના સમાચાર જાણ્યા છતાં અમરનાથની યાત્રાનો ભકિતભાવ પૂર્વ પ્રારંભ કર્યો હતો. જેમાં કલબના પ્રવાસમંત્રી લખમશીભાઈ પટેલ, દેવજીભાઈ પટેલ, હીરાલાલભાઈ પટેલ, અબજીભાઈ પટેલ, શવજીભાઈ પટેલ જોડાયા હતા. અમરનાથની આ યાત્રા તલોદથી પ્રારંભ કરી જોધપુર, અમૃતસર, જમ્મુ, કટરા, બાલતાલ, સ્થળોએ વિસામો લેતા લેતા અમરનાથની જય પોકારતા અમરનાથનાં દર્શન કરી પાવન થયા હતા.

ગરમીના પ્રકોપના કારણે શિવલીંગ પીગળતું રહ્યું હતું. તેઓ આ યાત્રા સુખરુપ પૂર્ણ કરી પરત આવ્યા છે. તા. ૪-૮-૧૩ના રોજ સિ.સિ. કલબની મળેલ મીટીંગમાં આર.એલ. પટેલે અને અન્ય સભ્યોએ તેઓનું સ્વાગત કર્યું હતું અને અભિનંદન પાઠવ્યા હતા. યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થવા બદલ મિત્રોએ ઈશ્વરનો આભાર માન્યો હતો.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૬૧૦	૮૪૦
મકાઈ	૨૮૦	૩૪૮
એરંડા	૬૯૦	૭૦૨
ઘઉં	૨૯૮	૩૫૦
બાજરી	૨૮૧	૩૦૬
ગવાર	૯૨૦	૯૩૩

ધનસુરા

એરંડા	૬૭૫	૬૮૫
મકાઈ	૨૮૦	૩૧૫
ઘઉં	૩૧૦	૩૩૫
બાજરી	૨૩૦	૨૭૦
ગવાર	૮૦૦	૯૭૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૦૬	૩૨૦
ઘઉં ૪૯૬	૩૧૫	૩૩૫
મકાઈ	૨૭૫	૨૭૯
એરંડા	૬૬૫	૬૭૫

મોડાસા

એરંડા	૬૮૦	૭૦૩
બાજરી	૨૩૫	૨૭૭
ઘઉં	૩૦૫	૩૫૧
મગફળી	૬૫૦	૮૦૧
ગવાર	૮૦૦	૯૩૦

ટીંટોઈ

બાજરી	૨૪૦	૨૫૮
ઘઉં	૩૦૦	૩૧૨

દહેગામ

બાજરી	૨૭૭	૨૮૩
ઘઉં	૩૦૦	૩૨૦
ડાંગર	૨૬૫	૬૮૯
ગવાર	૭૫૦	૯૮૦
મકાઈ	૨૪૦	૩૦૦
તુવેર	૫૨૦	૬૦૫
જુવાર	૩૦૫	૩૭૦
રાયડો	૫૨૦	૫૭૦

રખિયાલ

બાજરી	૨૭૦	૨૮૦
ઘઉં	૨૯૦	૩૧૫
ડાંગર	૨૬૦	૨૮૫
એરંડા	૬૭૦	૬૮૫
ગવાર	૭૨૫	૯૭૦
મકાઈ	૨૩૦	૨૮૦
તુવેર	૫૭૦	૬૦૦
જુવાર	૩૦૦	૩૬૦
રાયડો	૫૧૫	૫૬૦

હિંમતનગર

મગફળી	૬૦૦	૮૪૫
એરંડા	૬૮૦	૭૦૩
ઘઉં	૩૧૦	૩૫૦
બાજરી	૨૧૦	૨૭૫
મકાઈ	૨૬૦	૨૯૦
ગવાર	૭૫૦	૯૬૦

ઈડર

ઘઉં	૩૨૦	૩૩૯
મકાઈ	૨૮૦	૨૯૫
એરંડા	૬૮૫	૬૯૦
બાજરી	૨૫૦	૨૬૨
મગફળી	૬૮૦	૮૫૮
ગવાર	૯૫૦	૧૦૦૦

કડી

ઘઉં	૩૦૦	૩૩૮
ડાંગર	૨૩૦	-
બાજરી	૨૪૭	૨૫૪
જવ	૨૪૮	-
ગવાર	૭૦૦	૯૭૬
એરંડા	૬૭૨	૬૮૨
રાયડો	૫૬૦	૫૭૭

પાલનપુર

ઘઉં	૨૯૨	૩૨૭
એરંડા	૬૮૦	૬૯૫
રાજગરો	૧૧૦૦	૧૧૬૧
મગફળી	૪૩૨	૮૬૨
મકાઈ	૨૭૦	૨૭૨
ગવાર	૭૫૭	૧૦૦૦

સિદ્ધપુર

અડદ	૫૩૮	-
રાયડો	૫૮૬	૬૦૪
એરંડા	૬૫૭	૬૯૫
ગવાર	૮૭૫	૯૭૧
ઘઉં	૨૮૦	૩૬૭
બાજરી	૧૭૦	૨૯૨
જુવાર	૨૫૦	૫૭૧

વિસનગર

ઘઉં	૨૯૦	૩૬૧
બાજરી	૧૮૦	૩૦૬
રાયડો	૫૫૦	૬૧૬
એરંડા	૬૬૫	૬૯૬.૫૦
જુવાર	૨૦૦	૫૨૭
જવ	૨૬૫	૨૮૪
ગવાર	૭૪૦	૯૭૬
રજકાના બી	૧૨૦૦	૨૬૦૦

મહેસાણા

ઘઉં	૨૯૦	૩૬૨
જીરૂ	૨૪૦૨	-
રાયડો	૫૬૬	-
સવા	૫૦૦	૬૭૩
વરીયાળી	૧૧૧૧	-
બાજરી	૨૧૦	૨૯૭
એરંડા	૬૭૨	૬૯૫
અજમો	૭૬૫	૭૯૦
ગવાર	૯૧૪	૯૩૦
રજકાબી	૨૩૬૫	૩૦૦૦

આંબલીયાસણ

ઘઉં	૨૯૩	૩૩૦
બાજરી	૨૧૩	૨૭૦
રાયડો	૫૬૯	૫૭૭
એરંડા	૬૭૨	૬૮૦
ગવાર	૮૬૪	૯૧૯

જોટાણા

ઘઉં	૩૧૦	૩૩૭
એરંડા	૬૭૧	૬૭૭

ઢારીજ

ઈસબગુલ	૯૦૧	-
રાયડો	૫૯૦	૬૨૫
એરંડા	૬૬૦	૬૯૦
સાસટો	૨૫૦	૨૭૯
બાજરી	૨૦૦	૨૪૦
ઘઉં	૨૮૫	૩૬૬
ગવાર	૭૫૦	૯૮૧
ચણા	૫૦૦	૫૭૪
જીરૂ	૨૧૦૦	૨૫૫૦
સવા	૬૦૦	૬૭૮

કલોલ

ઘઉં	૩૦૦	૩૪૫
એરંડા	૬૮૦	૬૮૭
બાજરી	૨૨૮	૨૭૫
રાયડો	૫૬૫	-
ડાંગર	૨૫૦	૩૨૫
ગવાર	૯૬૬	૯૯૦
જુવાર	૩૦૦	૩૫૦

બાયડ

એરંડા	૬૪૫	૬૭૫
ઘઉં	૨૯૦	૩૩૦
બાજરી	૨૪૦	૨૭૫
મકાઈ	૨૬૦	૨૮૫
ગવાર	૯૦૦	૧૦૦૦

પાટણ

જીરૂ	૨૦૦૦	૨૨૯૯
વરીયાળી	૭૫૦	૧૦૦૪
બંટી	૩૮૦	૩૮૬
રાયડો	૫૬૪	૬૩૬
એરંડા	૬૬૦	૬૯૭
ઘઉં	૨૯૨	૩૭૪
જુવાર	૨૫૦	૫૦૦
બાજરી	૨૧૦	૨૩૬
ગવાર	૮૪૧	૯૫૮

ઉંઝા

જીરૂ	૨૦૩૦	૨૬૮૮
વરીયાળી	૮૮૦	૧૭૭૫
ઈસબગુલ	૧૧૯૦	૧૩૮૨
સરસવ	૬૭૧	-
રાયડો	૫૮૮	૬૮૭
તલ	૧૮૬૨	૨૨૨૫

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૫૦	૨૩૦
બટાટા ડીસા	૧૯૦	૨૫૦
ડુંગળી સૌરાષ્ટ્ર	૫૫૦	૬૧૦
ડુંગળી મહારાષ્ટ્ર	૫૮૦	૬૪૦
રીંગણ	૪૦૦	૮૦૦
રવૈયા	૫૦૦	૯૦૦
કોબીજ	૪૦૦	૬૦૦
ફુલાવર	૪૦૦	૫૦૦
ટામેટા પાકા	૩૦૦	૪૪૦
દૂધી	૪૦૦	૬૦૦
કાકડી	૩૦૦	૮૦૦
ગીલોડા	૫૦૦	૧૨૦૦
મરચાં દેશી	૩૦૦	૬૦૦
લીંબુ	૨૪૦	૪૦૦
આદુ	૧૦૦૦	૧૬૦૦
બીટ	૨૩૦	૩૬૦

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601